# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૭/૩/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## કોરીયન કંપનીઓ સુરત ખાતે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં રોકાણ કરવા ઉત્સુક

### ચેમ્બરમાં કોરીયન ફાઉન્ડેશનના પ્રોફેસર કીમ ડુ યોંગ સાથે સેશન યોજાયુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઓરો યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે કોરીયન ફાઉન્ડેશનના પ્રોફેસર કીમ ડુ યોંગ સાથે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ભારત અને કોરીયા વચ્ચેના ઔદ્યોગિક સંબંધો' ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ચાઇનામાં બિઝનેસ કરી રહેલી મોટાભાગની કોરીયન કંપનીઓ હવે ભારતમાં વિવિધ ઉદ્યોગોમાં રોકાણ કરવાની ઇચ્છા ધરાવે છે, જેમાં પણ ખાસ કરીને સુરત ખાતે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં આ કંપનીઓ રોકાણ કરવા માટે ઉત્સુક હોવાનું પ્રોફેસર કીમ ડુ યોંગે જણાવ્યુ હતુ.

પ્રોફેસર કીમ ડુ યોંગે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, કોરીયામાં દેગુ શહેરમાં ટેક્ષ્ટાઇલની અત્યાધુનિક મશીનરીનું ઉત્પાદન થાય છે. કોરીયામાં ફેબ્રિકનું પણ ઉત્પાદન થાય છે પણ મશીનરીની સરખામણીમાં ફેબ્રિકનું ઉત્પાદન ઓછુ થાય છે. કોરીયામાં ઉત્પાદીત ફેબ્રિકને ચાઇના એક્ષ્પોર્ટ કરવામાં આવે છે અને ત્યાંથી રેડીમેડ ગારમેન્ટ ઇમ્પોર્ટ થાય છે. કોરીયાની મોટાભાગની કંપનીઓ હાલ ચાઇનામાં ટેક્ષ્ટાઇલ અને ઓટોમેશન સહિતના વિવિધ ક્ષેત્રે બિઝનેસ કરી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ચાઇનાની પોલિસીને કારણે હવે મોટાભાગની કોરીયન કંપનીઓ ભારતમાં રોકાણ કરી બિઝનેસ કરવાની ઇચ્છા ધરાવે છે. હાલ ભારતમાં એલજી અને સેમસંગ સહિતની કેટલીક કોરીયન કંપનીઓ બિઝનેસ કરી રહી છે. પરંતુ અન્ય કોરીયન કંપનીઓ પણ ભારતમાં ટેક્ષ્ટાઇલ અને ઓટોમેશન સહિતના વિવિધ ઉદ્યોગોમાં રોકાણ કરવાની ઇચ્છા ધરાવે છે. ખાસ કરીને ગુજરાતના સુરતમાં કાપડ ઉદ્યોગ ક્ષેત્રે સ્મોલ એન્ડ મિડલ સ્કેલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે કોરીયન કંપનીઓ ઉત્સુક છે.

ચેમ્બર દ્વારા એપ્રિલ મહિનાના અંતે અથવા મે મહિનાના પ્રથમ સપ્તાહમાં એક બિઝનેસ ડેલીગેશન સાઉથ કોરીયાની મુલાકાતે લઇ જવામાં આવનાર હોવાની સેશનમાં ઉપસ્થિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓને માહિતી આપવામાં આવી હતી.

આ સેશનમાં ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબી અને ઓરો યુનિવર્સિટીના કેરીયર ડેવલપમેન્ટ સેલના હેડ સુશ્રી વિજયીતા પ્રજાપતિએ પ્રાસંગિક વિધી કરી હતી. પ્રોફેસર કીમ ડુ યોંગે વેપારીઓ અને ઉદ્યોગપતિઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.